ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૫ ટકા

# જુના સચિવાલય સંકુલમાં કચરાના ઢગ

## સ્વચ્છતા સર્વેક્ષણની રેસમાં ઉતરેલા સ્માર્ટ પાટનગરમાં 'દીવા તળે અંધારું' : કર્મચારીઓના આરોગ્ય માટે જોખમરૂપ બને તેવી ભીતિ...!! : સ્વચ્છતાની જાળવણીમાં નવા અને જુના સચિવાલય વચ્ચે બેવડાં કાટલાં...!!

ગાંધીનગર, તા.૭

શહેરમાં એક તરફ કોરોના મહામારીના કારણે હજુ પણ ચિંતાનો માહોલ છે અને બીજી તરફ વરસાદી માહોલ પણ સર્જાયો છે. આ સ્થિતિમાં શહેરમાં અન્ય રોગચાળો પણ વકરે નહી તે જોવું જરૂરી બન્યું છે પરંતુ જેમ દિવા તળે અંધારું હોય તેમ પાટનગરના જુના સચિવાલય ડૉ. જીવરાજ મહેતા ભવનમાં ઘણા દિવસથી સંકુલમાં અનેક ઠેકાણે કચરાના ઢગ જોવા મળી રહ્યા છે જે સત્વરે દૂર નહીં કરાય તો અત્રેની કચેરીઓમાં કાર્યરત સરકારી કર્મચારીઓના આરોગ્ય માટે જોખમી બની શકે છે.

ગાંધીનગરમાં ધીમે ધીમે ચોમાસાની ઋતુ જામી રહી છે જે આગામી સમયમાં હજુ વધુ જોર પકડશે તે નિશ્ચિત જણાય છે. ચોમાસાને પગલે ઠેર ઠરે વરસાદી પાણીનો ભરાવો અને રોગજન્ય જીવજંતુઓના ઉપદ્રવની સમસ્યા પણ માથું ઉંચકશે. આ સમયે ત્યાં પડી રહેલો કચરો અને નકામી ચીજવસ્તુઓ માખી-મચ્છર વગેરેની ઉત્પત્તિના ઘર બનશે. જેથી આ સમયે શહેરમાં સ્વચ્છતા જળવાય તે અત્યંત જરુરી છે. જો કે સ્વચ્છતા સર્વેક્ષણની રેસમાં ઉતરેલું સ્માર્ટ સીટી ગાંધીનગર રાજયનું પાટનગર પણ છે અને અહીં વસ્તીનો સૌથી મોટોભાગ સરકારી કર્મચારી તરીકે કાર્યરત છે. આ સરકારી કર્મચારીઓમાં જુના સચિવાલય ખાતે કાર્યરત કર્મચારીઓ માથે આગામી સમયમાં રોગચાળાનું જોખમ તોળાઈ રહ્યું છે કેમ કે જુના સચિવાલય સંકુલમાં અનેક ઠેકાણે કચરાના ઢગ ઘણા દિવસથી જોવા મળી રહ્યા છે એટલું જ નહી તેને હટાવવાની વાત તો દૂર તેની ગંદકીમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જુના સચિવાલય સંકુલમાં સૌથી વધુ કચરાના ઢગ કેન્ટીન પાસેના વિસ્તારમાં જોવા મળી રહ્યા છે જયાં રીશેષના સમયે કર્મચારીઓનું સૌથી વધુ સંખ્યામાં આવાગમન થતું હોય છે તેમજ કેન્ટીન ખાતે ચા નાસ્તા તથા બપોરના ભોજન વગેરે લેવામાં આવતા હોય છે.

'એક કદમ સ્વચ્છતા કી ઓર' સુત્ર સાથે એક તરફ જયાં સરકારના મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી સહિત મંત્રીઓ તથા ઉચ્ચ અધિકારીઓ બેસે છે તેવા નવા સચિવાલય સંકુલમાં સ્વચ્છતાનું ખુબ જ સુપેરે ધ્યાન રાખવામાં આવે છે ત્યારે બીજી તરફ થોડા કદમ દૂર જુના સચિવાલય ખાતે કાર્યરત કર્મચારીઓના આરોગ્ય માટે ખતરારૂપ કચરાના ઢગ પ્રત્યે સેવવામાં આવતી ઉપેક્ષા અંગે કર્મચારીઓમાં કાનાફુસી ચાલી રહી છે કે 'શું જુના સચિવાલયના કર્મચારીઓ વોટબેંક નથી તેથી અહીંની સમસ્યાઓ પર કોઈ ધ્યાન આપતું નથી?'



### પ્લાસ્ટિક અને થર્મોકોલના ટુકડામાં ભરાયેલ વરસાદી પાણી ડેન્ગ્યુ મેલેરિયાના મચ્છરની ઉત્પત્તિ સ્થાન બની શકે

જુના સચિવાલયની કેન્ટિન પાસે ખડકાયેલા કચરાના ઢગલામાં પ્લાસ્ટિકની થેલીઓ, પેકિંગ મટિરિટલ્સના થર્મોકોલના ટુકડા વગેરેનો સમાવેશ થાય છે. જે પર્યાવરણ માટે તો અત્યંત નુકશાનકારક છે પરંતુ તે સાથે સાથે તેમાં વરસાદી પાણીનો ભરાવો થઈ લાંબા સમય સુધી રહી શકે છે જેમાં ડેન્ગ્યુ મેલેરિયા વગેરેના મચ્છરની ઉત્પત્તિ આસાનીથી થઈ શકે છે. આ કારણે જુના સચિવાલય સંકુલમાં ઠેર ઠેર ખડકાયેલા કચરાના ઢગ દૂર કરાય અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરાય તેવી માંગ કર્મચારીઓમાં પ્રવર્તી રહી છે.

# શહેરમાં જયા પાર્વતી વ્રત ભારે ઉલ્લાસથી ઉજવાયું



ગાંધીનગર, તા.૭

નાની બાળાઓના ગૌરી વ્રત અને જયા પાર્વતી વ્રત આજે જ પૂર્ણ થયા છે ત્યારે આ વર્ષે કોરોનાને પગલે નગરની શાળાઓ તથા જાહેર સ્થળો બંધ હોવાથી નગરમાં બાળાઓ ઘરની બહાર જોવા મળી નથી અને આવી જ રીતે મીઠાઈની દુકાનોમાં પણ આ વર્ષે દર વર્ષ કરતા ધંધો ઓછો થયો છે જેનું મુખ્ય કારણ કોરોનાનો ભય છે. જેને કારણે હાલ નગરજનો પોત પોતાના ઘરે જ બનાવેલ ફરાળનો આગ્રહ રાખી રહ્યા છે. આ બાબતે વધુ વાત કરતા રાધે સ્વીટ માર્ટ સે-૧૧ના માલિક વિપુલભાઈ સુખડીયા જણાવે છે કે આ વર્ષે દર વર્ષ કરતા ૬૦ ટકા જેટલી ઘરાકી વ્રત નિમિત્તે રહી જેમાં ડ્રાયફ્રુટ અને સુકા નાસ્તા સાથે મીઠાઈમાં કોકોનેટ પેંડા, કાજુ કતરી, દુધનો હલવો, થાબડી, રસમલાઈ અને શ્રીખંડનું ખાસ વેચાણ થયું. આમ તો વ્રત નિમિત્તે દીકરીઓને અને ખાસ ઘરમાં આવનાર વહુને વ્રત નિમિત્તે મીઠાઈ આપવાનો રિવાજ હોય છે અને આ બાબતને ધ્યાનમાં રાખીને અમે ડેકોરેટીવ ગીફ્ટ પેકેજીસ બનાવતા હોઈએ છીએ પરંતુ આ વર્ષે રિવાજ નિભાવવાનું આવનાર વર્ષમાં આયોજન કરી કોરોનાને કારણે પોત પોતાના ઘરે જ રહ્યા છે.

વૃંદાવન સ્વીટ માર્ટ સે-૨૧ના વેપારી ધ્રુમીલ સુખડીયા જણાવે છે કે આ વર્ષે ગૌરી વ્રત અને જયા પાર્વતી વ્રત નિમિત્તે દર વર્ષ કરતા ૬૦ ટકા જેટલો ધંધો થયો છે. કોરોનાને કારણે નગરજનો ઘરની બહાર નીકળતા હજી ડરી રહ્યા છે. આ વર્ષે સૌથી વધારે ડ્રાય ફ્રુટસ અને ડ્રાય નાસ્તા જેવા કે કેળા-બટાકા વેફર, મોળો ચેવડો અને મીઠાઈમાં પેંડા અને મલાઈ બરફીનું ખાસ વેચાણ થયું છે.

આમ, આ વર્ષે કોરોનાને કારણે દરેક ધંધા રોજગારની જેમ મીઠાઈની દુકાનોમાં પણ મંદીનો માહોલ રહ્યો છે.

# કોરોનાને પગલે શહેરમાં રાખડીની સિઝન હજી સુધી જામી નથી

## બહારગામ કે રાખડી મોકલવા માટે નગરની બહેનોને મુશ્કેલી થઈ રહી છે

ગાંધીનગર, તા.૭

રક્ષાબંધનને હવે એક મહિનાથી પણ ઓછો સમય બાકી છે ત્યારે નગરમાં બહેનો ભાઈ માટે રાખડી ખરીદવા તત્પર છે અને ખાસ બહારગામ કે વિદેશ રહેતા ભાઈ માટે અત્યારના સમયમાં જ રાખડી ખરીદીને પાર્સલ થાય તો જ રક્ષાબંધન સુધી રાખડી પહોંચી શકે અને દર વર્ષે આ બાબતને ધ્યાનમાં લઈ રક્ષાબંધનના એક મહિના પહેલા જ નગરમાં નવી નવી રાખડીનું વેચાણ શરૂ થઈ જાય છે પરંતુ આ વર્ષે નગરમાં રાખડીનું પ્રમાણસર વેચાણ થઈ રહ્યું નથી જેને કારણે નગરની બહેનો મુશ્કેલીમાં મુકાઈ છે. ગયા વર્ષની જૂની રાખડી અમુક દુકાનદારો પાસે છે પરંતુ નવો માલ હજી આવ્યો નથી. આ બાબતે વાત કરતા નગરના રાખડીના વેપારી જણાવે છે કે, અમદાવાદથી જ ખાસ રાખડીનો માલ આવતો હોય છે પરંતુ કોરોનાને કારણે તથા સીટી એરિયામાં દરેક વિસ્તાર કન્ટેન્ટમેન્ટ છે. જેને કારણે હાલ પહેલાની જેમ જલ્દી રાખડી આવે તેવું બની શકે તેમ નથી અને કોરોનાને કારણે બધા રાખડી ખરીદવા આવશે કે નહી તે મોટો પ્રશ્ન છે.



આજે એક તરફ વિશ્વ આખુ કોરોના જેવી મહામારીના સકંજામાં છે ત્યારે તંત્ર સજાગ રહેવાની સતત જાહેરાતો કરે છે. છતાં કોઈ જ સુધારો થતો નથી. રોજ નવા ને નવા કેસ વધ્યા જ કરે છે. પરંતુ આ તસવીર કંઈક અલગ જ કહી જાય છે. નાનકડા બાળકને માતા સેનીટાઈઝરથી હાથ સાફ કરાવે છે અને બાળક પણ ખુશીથી માં ની વાત માની રહ્યું છે. આટલા નાના બાળકને સમજ પડે છે.... પણ મોટાઓને સમજ નથી....

# ઘરમાંથી ચાલતા દારૂના વેપાર પર સ્ટેટ મોનીટરીંગ સેલનો દરોડો

## મહિલાની ધરપકડ કરી ૪.૧૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર - અમદાવાદ માર્ગ પર ભાટ સ્થિત આત્રેય તુલીપ્સ ઈન્ફાકોનમાં ઘરમાંથી ચાલતા દારૂના વેપાર પર સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડ્યો હતો. અહીં રહેતો શખ્સ છેલ્લા આઠ માસથી ઘરમાં અને કારમાં દારૂનો જથ્થો રાખી વેપાર કરતો હતો. જેથી સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડા પાડીને દારૂની ૮૫ બોટલ અને બિયરના ૨૪ ટીન પકડી પાડયા હતા. પોલીસે દંપતિમાંથી મહિલાની ધરપકડ કરી છે, જયારે પુરુષની શોધખોળ શરુ કરી છે. જયારે પોલીસે રૂ.૪.૧૧ લાખના મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે દારુના વેપાર અંગે બાતમી મળી હતીજેને પગલે પોલીસે ભાટ મધર ડેરી પાસે આવેલા અત્રેય તુલીપ્સ ફ્લેટમાં દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસ દસમાં માળે બી-૧૦૦૨ ખાતે રહેતા જયકુમાર ગોવિંદરામ મહેરચંદાણીના ઘરે પહોંચી હતી. ઘરમાં તપાસ કરતા પોલીસને જયકુમારની પત્ની વિનિતા મહેરચંદાણી મળી આવી હતી. જયારે ઘરમાં સ્ટોર રૂમની છાજલી પરથી દારૂની એક બોટલ મળી આવી હતી. આ સિવાય બેડરૂમના કબાટમાંથી દારૂના ખાલી ખોખા મળી આવ્યા હતા. પોલીસે પાર્કીંગમાં પડેલી જી.જે.૧૮.બી.ડી.-૫૮૮૭ નંબરની કારમાં ચેક કરતા ડેકીમાંથી મોટીમાત્રામાં દારૂનો જથ્થો મળી આવ્યો હતો.ડેકીમાં રહેલા દારૂ ગણી ને જોતા વિદેશી દારુની ૮૪ બોટલ અને બિયરના ૨૪ ટીન મળી આવ્યા હતા.

પોલીસે રૂ.૫૬,૦૮૦ની કિંમતનો દારૂ, રૂ.૩.૫૦ લાખની કાર, એક મોબાઈળ મળી કુલ રૂ. ૪.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે બંન્ને સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી જયકુમારને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### ચિરવિદાય

- સ્વ. પટેલ નર્મદાબેન બળદેવભાઈ, ઉ.વ. ૭૩, મુ. કુકરવાડા, તા. વિજાપુર
- સ્વ. ઠાકોર દિલીપસિંહ ઉદાજી, ઉ.વ. ૬૩, મુ. જેઠીપુરા, તા. ગાંધીનગર
- સ્વ. ગાભુજી વરવાજી ઠાકોર, ઉ.વ. ૫૫, મુ. પાટનાકુવા, તા. દહેગામ
- સ્વ. વિજયકુમાર ભીખુભાઈ નિમ્બાલકર, ઉ.વ. ૬૦, સેકટર-૧૬

# જિલ્લાની ૧૦૬૮ આંગણવાડી કેન્દ્રોના બાળકોને ૧ લાખ ૪૬ હજાર કિલોગ્રામ સુખડીનું વિતરણ

ગાંધીનગર, તા.૭

રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આઈસીડીએસ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાની ૧૦૬૮ આંગણવાડી કેન્દ્રોના ૩૬ હજારથી વધુ બાળકોને ૧ લાખ ૪૬ હજાર કિલોગ્રામ સુખડીનું વિતરણ જૂન-૨૦૨૦ દરમ્યાન કરવામાં આવ્યું છે.

કોવિડ- ૧૯ની કપરી પરિસ્થિતિમાં સાવચેતીના પગલાંરૂપે રાજયની તમામ આંગણવાડીઓમાં બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ કાર્ય મોકૂફ રાખવામાં આવ્યું હતું. આમ તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦ થી તા. ૩૧ મી મે, ૨૦૨૦ સુધી ગાંધીનગર જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રોના બાળકોને હોટ કૂક મીલની અવેજીમાં ટેક હોમ રેશન એટલે કે બાળ શકિત પેકેટનું ઘેર ઘેર વિતરણ કરવામાં આવ્યું હતું.



આંગણવાડી કેન્દ્રો બંધ રહેવાના કારણે અનાજ અને તેલનો જથ્થો આંગણવાડી કેન્દ્રોમાં બચત રહે છે. ચોમાસાની સિઝન હોવાથી આંગણવાડી કેન્દ્રોમાં બચત રહેલા જથ્થાનો ઉપયોગ કરી આંગણવાડી કેન્દ્રો પર સુખડી બનાવી ૩ થી ૬ વર્ષના બાળકોને ઘરે વિતરણ કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં જૂન માસમાં આંગણવાડીના બાળકોને દર અઠવાડિયે એક કિલોગ્રામ સુખડી આંગણવાડી કાર્યકરો દ્વારા બનાવી બાળકોના ઘરે વિતરણ કરવામાં આવી છે.

એક કિલોગ્રામ સુખડી દ્વારા ૪,૨૭૩ કેલરી અને ૯૧.૬૭ ગ્રામ પ્રોટીન બાળકોને મળે છે. લોક ડાઉનની વિકટ પરિસ્થિતિમાં આઈસીડીએસ દ્વારા અવિતરણપણે પૂરક પોષણ વિતરણની કામગીરી થઈ રહી છે. ચાલુ માસ જુલાઈ-૨૦૨૦ દરમ્યાન પણ દર અઠવાડિયે બાળકોને સુખડી વિતરણનું કાર્ય કાર્યરત છે.

આંગણવાડી કાર્યકરો દ્વારા પેપર બેગ તથા સ્થાનિક રીતે અનુકૂળ હોય તે મુજબ પેકીંગ કરીને લાભાર્થી બાળકોને ઘરે સુખડી વિતરણ કાર્ય શરૂ કર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજયની ૫૩ હજારથી વધુ આંગણવાડીના અંદાજે ૧૬ લાખ બાળકોને જૂન માસમાં ચાર સપ્તાહ દરમ્યાન કુલ-૬૩ લાખ કિલોગ્રામ સુખડીનું વિતરણ કરી પૂરક પોષણ આહારની સેવાઓ પૂરી પાડવામાં આવી છે.




આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગરના સંગઠનને મજબુત કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે. ગાંધીનગરના રાંદેસણ તથા સરગાસણ જેવા વિસ્તારોમાં યુવા વસાહતીઓને પાર્ટીમાં જોડવામાં આવી રહ્યા છે. આ સાથે રાંદેસણ ગામના આપ પ્રમુખ પદે નિકુલસિંહની અને સરગાસણ ગામના આમ પ્રમુખ પદે સુનિલભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી.

# ચા બનાવતો વિડીયો વાયરલ થતા સિવિલ કેમ્પસમાં હાહાકાર

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોવીડ વોર્ડમાં દર્દીઓ માટેની ચા બાથરૂમના પાણીથી બનાવવામાં આવતી હોવાનો વિડીયો વાયરલ થતા સિવિલ કેમ્પસમાં હાહાકાર મચી જવા પામી છે. જયારે તંત્ર દ્વારા ચા ના વિડીયોને ગંભીરતાથી લઈ જે તે વ્યકિતઓને સુચના પણ આપી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચામાં રહે છે. તાજેતરમાં કોવીડ વોર્ડમાં એડમીટ દર્દીઓ કે સ્ટાફના ફુડ પેકેટમાં માખી પડી હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. આ કિસ્સો માંડ શમી ગયો હતો ત્યાં નવી બિલ્ડીંગમાં આવેલ કેન્ટીનમાં ચા બનાવી રહેલ યુવક બાથરૂમમાંથી ડોલ ભરીને પાણી લાવીને નાંખતો હોય તેવો વિડીયો વાયરલ થયો છે. જેથી સિવિલ તંત્રમાં ખડભડાટ મચી જવા પામી છે. ત્યારે મળતી વિગત મુજબ વાયરલ વિડીયોને પગલે તંત્ર દ્વારા જે તે વિભાગને સુચના આપી દેવામાં આવી છે. પરંતુ હાલના સમયે તો વિડીયોને લઈ સિવિલ કેમ્પસમાં ચોતરફ આ વિડીયોની ચર્ચા ચાલી રહી છે. જયારે વાયરલ વિડીયોની સાચી હકીકત તો તપાસ કર્યા બાદ જ ખબર પડે તેમ લાગી રહ્યું છે.

# વરસાદી માહોલના કારણે ઠેર ઠેર ખાબોચિયાં અને કાદવ કીચડમાં વધારો

## કાદવ કીચડના કારણે વડિલ રાહદારીઓ માટે પગપાળા પસાર થવું જોખમરૂપ બન્યું : માખી મચ્છર જેવા રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ પણ વધ્યો

ગાંધીનગર, તા.૭

શહેરમાં વરસાદી માહોલ સર્જાતો જાય છે અને સેકટરોના ખુલ્લા કોમન પ્લોટો તથા કાચા પગદંડીવાળા રસ્તા, શોપીંગ સેન્ટર્સની સામેથી ખુલ્લી જગ્યાઓ વગેરે સ્થળોએ વરસાદી પાણીના ખાબોચિયા ભરાવાને કારણે કાદવ કીચડની સમસ્યા પણ માથું ઉંચકી રહી છે. કાદવ કીચડને કારણે ખાસ કરીને વડિલ નાગરિકો તથા સાંજના સમયે વસાહતીઓને પગપાળા અવરજવરમાં મુશ્કેલી વર્તાઈ રહી છે અને લપસી પડવાનું જોખમ વધ્યું છે. વળી, આ સાથે ગંદકી વધવાથી રોગજન્ય જીવાણુઓ જેવા કે માખી મચ્છર વગેરેનો ઉપદ્રવ વધવાની શકયતા પણ સર્જાઈ છે જેથી નજીકના દિવસોમાં ઋતુજન્ય બિમારીઓના દર્દીઓમાં વધારો થાય તેવી શકયતા છે.





શહેરના અનેક સેકટરમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા સર્જાય છે અને ખાસ કરીને સેકટરના ખુલ્લા પ્લોટ, બગીચા, રોડ સાઈડની ઝાડીઓ તથા પગપાળા અવરજવરની શોર્ટકર્ટ સમી પગદંડીઓ વગેરે પર વરસાદી પાણીના નાના મોટા ખાબોચિયાં ભરાવા લાગ્યા છે. આવા સ્થળે વસાહતીઓની સતત અવરજવર તેમજ વાહનોની અવરજવરને પગલે કાદવ કીચડ સર્જાય છે અને જેના કારણે રાહદારીઓને ચાલતા પલસી પડે તેવી સ્થિતિ બની જાય છે જેથી મોટી ઉંમરના નાગરિકો માટે જોખમરુપ બને છે. શહેરમાં મોડી સાંજે નોકરી વ્યવસાયથી પરત ફરતા નાગરિકો માટે પણ મુખ્ય રોડથી ચાલીને સેકટરના આંતરિક ભાગે આવેલા નિવાસસ્થાને જવા માટે પણ કાદવ કીચડના કારણે અંધારામાં લપસી પડવાની શકયતા સર્જાય છે. વળી વરસાદી પાણીના ભરાવાને કારણે રોજગન્ય જીવાણુઓ જેવા કે માખી મચ્છર વગેરેનો ઉપદ્રવ પણ વધવા લાગ્યો છે. શહેરમાં આ સમસ્યા લગભગ દરેક સેકટરમાં હોવાથી વ્યવસ્થા તંત્ર દ્વારા પાણીના ખાબોચીયા તથા કાદવકીચડ વાળી જગ્યાએ કોરી રેતીનું પુરાણ કરાય અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરાય તે જરુરી બનતું જાય છે.